## (1) નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP)ના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) હાલમાં જ નાણાં મંત્રીએ તેની સમીક્ષા કરી છે. મહામારી હોવા છતાં તે વૃદ્ધિ કરી રહ્યું છે.
(2) નાણાં પ્રધાને આગામી 2 વર્ષ માટે NIPમાં 100 લાખ કરોડ ખર્ચની જાહેરાત કરી હતી.
(3) તે દેશભરમાં વૈશ્વિક કક્ષાનું આંતરમાળખુ વિકસાવવા માટે લાવવામાં આવી છે.
(4) તેની 2019-2020ના બજેટમાં જાહેરાત કરવામાં આવી. અતનુ ચક્રવર્તી ટાસ્કફોર્સ દ્વારા ભલામણ કરવામાં આવી હતી.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ નાણાં પ્રધાન દ્વારા ખર્ચ દબાણના ભાગરૂપે તેની સમીક્ષા કરવામાં આવી છે. એક વર્ષ પહેલાં 2019-20ના બજેટમાં 6385 પ્રોજેક્ટથી વધારીને 7300 કરવામાં આવી છે, મહામારી હોવા છતાં પણ તે પ્રગતિ કરી રહી છે.

**NIP (નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન)**

1. 2019-20ના બજેટમાં 100 લાખ કરોડના બજેટ સાથે આગામી 5 વર્ષ માટે નાણાં પ્રધાને જાહેરાત કરી હતી.
2. દેશભરમાં વૈશ્વિક કક્ષા માળખાકીય સુવિધા અને નાગરિકોના જીવનમાં સુધારો લાવવા માટે તે ભારતની પ્રથમ પહેલ છે.
3. તે પ્રોજેક્ટ સુધારા, રોકાણ (ઘરેલુ અને વિદેશી)ને આકર્ષિત, અને 2025 સુધીમાં 5 ટ્રીલિયન અર્થવ્યવસ્થા બનાવવા મદદ કરશે.
4. તે સામાજિક આર્થિક બંને માળખાકીય પ્રોજેક્ટને આવરે છે.

**અતનુ ચક્રવર્તી ટાસ્કફોર્સ**

1. રોકાણની જરૂરિયાત : પ્રોજેક્ટ બનાવવા આગામી પાંચ વર્ષ (2020-25) માટે રૂ. 117 લાખ કરોડ.
2. ઊર્જા, રસ્તાઓ, રેલ્વે તથા શહેરી પ્રોજેક્ટસનો કુલ 70% હિસ્સો છે.
3. કેન્દ્ર (39%), રાજ્યો (41%) અને ખાનગી ક્ષેત્રનો હિસ્સો (27%) રાખવાની ભલામણ કરી.
4. સંપત્તિના વેચાણ તરફ આક્રમક દબાણ.
5. માળખાગત સંપત્તિનું મુદ્રીકરણ.
6. ડેવલપમેન્ટ ફાઈનાન્સિયલ સંસ્થાઓની સ્થાપના.
7. મ્યુનિસિપલ બોન્ડ માર્કેટને મજબુત બનાવવું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ચુકવણાં અવસંરચના વિકાસી કોષ (PDIF)ના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) તેનું સંચાલન RBI દ્વારા કરવામાં આવશે.
(2) તેનો હેતુ ઉત્તર–પૂર્વી રાજ્યો પર વિશેષ ભાર આપવો અને ટિયર-3થી ટિયર-6ના શહેરોમાં ચુકવણાં સ્વીકૃતિ માળખાંનો વિકાસ કરવાનો છે.
(3) આ કોષનું સંચાલન 3 વર્ષ માટે કરવામાં આવશે. તથા આગળ તેને 2 વર્ષ વધારવામાં આવી શકે છે.
(4) PDIFના સંચાલન માટે બી. પી. કાનુન ગોના અધ્યક્ષ સ્થાને એક સલાહકાર પરિષદની રચના કરવામાં આવી છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (2), (3) અને (4)

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ હાલમાં જ ભારતીય રિઝર્વ બેંક દ્વારા ચુકવણાં અવસંરચના વિકાસ કોષ (PDIF) યોજનાની ઘોષણા કરી છે.

હેતુ

⇛ દેશના ઉત્તર–પૂર્વી રાજ્યો પર ભાર આપી ટિયર-3 થી ટિયર-6 સુધીના શહેરોમાં ચુકવણાં સ્વીકૃતિ માળખાંનો વિકાસ કરવો.

⇛ આ કોષનું સંચાલન 1 જાન્યુઆરી, 2021થી 3 વર્ષો સુધી કરવામાં આવશે તથા તેને 2 વર્ષ સુધી આગળ વધારવામાં આવી શકે છે.

⇛ તેનું મેનેજમેન્ટ કરવા RBIએ ડેપ્યુટી ગવર્નર બી. પી. કાનુનગોની અધ્યક્ષતામાં એક સલાહકાર પરિષદની રચના કરી છે.

⇛ હાલમાં તેની કુલ મૂડી 345 કરોડ છે, જેમાં 250 કરોડ ચખય અને 95 કરોડ અધિકૃત કાર્ડ નેટવર્કનું યોગદાન છે. PDIFને કાર્ડ જાહેર કરવાવાળા પણ યોગદાન આપશે.

કાર્ય

1. તેનો હેતુ ટર્મિનલાઈઝ ન ધરાવતા વેપારીઓ પરિવહન અને અતિશ્ય, POS હકનો પેટ્રોલ પંપો સરકારી ચુકવણાં અને રિટેલ દુકાનો છે.
2. નાણાંનો ઉપયોગ બેંકોને સબસીડી આપવા થશે.
3. POS મશીનોનો ખર્ચ 30% થી 50% તથા ડિજીટલ POSનો 50%થી 75% ખર્ચ છે.

⇛ સબસીડી લેતા બેંકોએ લક્ષ્ય પ્રાપ્તિ થતાં RBIને ત્રિમાસિક રિપોર્ટ આપવો પડશે.

⇛ PDIFની સ્થાપના ''ભારતમાં ચુકવણાં અને નિપટારા પ્રણાલી : વિઝન 2019-2021'' દસ્તાવેજની અનુરૂપ છે.

⇛ RBI ડિજીટલ ચુકવણાં સ્થિતિના અધ્યયન માટે OPI-ડિજીટલ પેમેન્ટ ઈન્ડેકક્ષ બનાવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ''માનવ-વન્યપ્રાણી સંઘર્ષ એડવાઈઝરી''ના સંદર્ભમાં યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) આ એડવાઈઝરી રાષ્ટ્રીય વન્યજીવ બોર્ડની સ્થાયી સમિતિ દ્વારા બહાર પાડવામાં આવી છે.
(2) તેમાં ગ્રામ પંચાયતોને વન્યજીવ સુરક્ષા અધિનિયમ, 1972 અનુસાર સશક્ત બનાવવાની વાત કરવામાં આવી છે.
(3) તેમાં પાકોને થતાં નુકશાન માટે એક 'પ્રધાનમંત્રી કિસાન કોષ' સ્થાપવાની ભલામણ કરવામાં આવી છે.
(4) તેમાં પીડીત પરિવારને 24 કલાકમાં વળતર આપવાની ભલામણ કરવામાં આવી છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ હાલમાં જ રાષ્ટ્રીય વન્યજીવ બોર્ડની સ્થાયી સમિતિએ તેની 60મી બેઠકમાં માનવ–વન્યજીવ સંઘર્ષ પર એક એડવાઈઝરીને મંજુરી આપી છે.
⇛ આ બેઠકમાં મધ્યમ કદની જંગલી બિલાડી કરાકલને ગંભીર રૂપે સંકટગ્રસ્ત શ્રેણીમાં મૂકવાની મંજૂરી આપી છે.

**એડવાઈઝરીમાં ભલામણ**

⇛ સશક્ત ગ્રામ પંચાયત : સંકટગ્રસ્ત વન્યજીવોનાં સંરક્ષણ માટે વન્યજીવ સુરક્ષા અધિનિયમ, 1972 હેઠળ ગ્રામ પંચાયતોને સશક્ત બનાવવી.
⇛ વીમો : સંઘર્ષના કારણે થતાં પાક નુકશાન માટે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના હેઠળ ક્ષતિપૂર્તિ કરવી.
⇛ તેમાં 24×7 હેલ્પ લાઈન અને રાજ્યોમાં આંતર–વિભાગીય સમિતિઓની સ્થાપના કરવાની ભલામણ સાથે જ સ્ટોલ–ફેડ ફાર્મ બનાવવાની ભલામણ છે.
⇛ તેમાં પંડિત પરિવારને 24 કલાકમાં વળતર આપી વિશેષ રાહતની જોગવાઈ કરવામાં આવી છે.
⇛ કરાકલ નામની મધ્યમ કદની બિલાડીને ગંભીર સંકટ ગ્રસ્ત પ્રાણીમાં મુકવામાં આવ્યું છે. સાથે જ આ ગંભીર સંકટ ગ્રસ્ત પ્રાણીઓની સૂચિ 22 થઈ છે.
⇛ માનવ–વન્યજીવ સંઘર્ષના મુખ્ય કારણોમાં શહેરીકરણ પરિવહન નેટવર્ક અને વધતી જનસંખ્યા છે.

**IUCN રેડ લિસ્ટ**

⇛ IUCN એ આંતરરાષ્ટ્રીય પ્રકૃતિ સંરક્ષણ સંઘ છે.
⇛ IUCN રેડ લિસ્ટના નામે એક સંકટગ્રસ્ત પ્રાણીઓની સૂચિ તૈયાર કરે છે.
⇛ IUCNમાં હાલમાં 1 લાખથી વધુ પ્રજાતિઓ છે. જેમાં 28.338થી વધુ ગંભીર ખતરામાં અને 873 પહેલાંથી જ વિલુપ્ત થઈ ચુકી છે.

**CITES**

⇛ સાઈટ એક આંતરરાષ્ટ્રીય સમજૂતી છે. જે 1963માં JOCNના સદસ્ય દેશો દ્વારા અપનાવવામાં આવી છે. CITES 1975થી લાગુ થયેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) ''ભારતીય ડિજીટલ ટેક્સ વિભેદક''ના સંદર્ભમાં યોગ્ય વિધાનો પસંદ કરો.

(1) તાજેતરમાં યુનાઈટેડ સ્ટેટસના વેપાર પ્રતિનિધિ (UTSR) દ્વારા ભારત ઈટાલી અને તુર્કી ડિજીટલ સેવા કરમાં અમેરિકી કંપનીઓ સાથે ભેદભાવ કરતાં હોવાનું કહ્યું છે.
(2) ડિજીટલ કર એ ડિજીટલ સેવા પ્રદાતા કંપનીઓ પર લગાડવામાં આવે છે.
(3) ભારતમાં 2 કરોડથી વધુનો ધંધો કરતી વિદેશી કંપનીઓ પર 2% ડિજીટલ કર લગાવવામાં આવે છે.
(4) ભારતમાં ડિજીટલ સેવાકર ભેદભાવ પૂર્ણ છે.

(A) આપેલ તમામ
(B) માત્ર (1) અને (2)
(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (1) અને (3)

⇒ જવાબ :- A

**સમજૂતી :**
⇒ હાલમાં જ UTSR (યુનાઈટેડ સ્ટેટસ વેપાર પ્રતિનિધિ)એ ભારત, ઈટાલી અને તુર્કી ડિજીટલ સેવા કરમાં ભેદભાવ કરતાં હોવાનું નિવેદન આપ્યું છે.

**UTSR**
⇒ UTSR આંતરરાષ્ટ્રીય વેપાર વિકાસ અને સમન્વય માટે US Trade Actની કલમ 501 હેઠળ સ્થપાઈ છે. તે બહારી દેશો દ્વારા ટેક્સ ભેદભાવોની તપાસ કરે છે. આ કલમ 1974માં ઉમેરવામાં આવેલી આ કલમ અમેરિકાના રાષ્ટ્રપતિને અન્ય દેશો પર ટૈરિફ કે પ્રતિબંધો લગાવવાની મંજુરી આપે છે.

**DTS (ડિજીટલ સેવાકર)**
⇒ DTS ડિજીટલ સેવા આપનાર કંપનીઓ પર લગાવવામાં આવે છે. ઉદા. ગુગલ, એમેઝોન વગેરે...

**ડિજીટલ કંપનીઓ પર ભારતની કર વ્યવસ્થા**
⇒ સરકારે વિત્ત વિધેયક 2020-21 માં 2 કરોડથી વધુનો ધંધો કરતી વિદેશી કંપનીઓ પર વેપાર અને સેવાના બદલે 2% ટેક્સ લગાવવા માટે સંશોધન કર્યુ છે.
⇒ વર્ષ 2016માં સરકાર દ્વારા સમતુલ્ય લેવીની શરૂઆત કરાઈ હતી જે B2B અને ડિજીટલ જાહેરાતો અને નિવાસી પ્રદાતાઓનો સેવાઓ પર લાગુ કરાઈ હતી.

**UTSRની તપાસ રિપોર્ટ**
⇒ ભારતમાં DST ભેદભાવ પૂર્ણ છે કેમ કે, તે ભારતીય કંપનીઓને છૂટ આપે છે જ્યારે વિદેશી કંપનીને નહિ.
⇒ જે પ્રૌદ્યોગિકી ઉદ્યોગમાં રહેલી અમેરિકી કંપનીઓને પ્રભાવિત કરે છે.
⇒ કુલ કર 30 મિલિયન અમેરિકન ડોલરથી પણ વધુ હોઈ શકે.
⇒ તેથી ભારત US Trade Actની 301 કલમ હેઠળ કાર્યવાહી યોગ્ય છે.

**ભારતનો પક્ષ**
⇒ ભારત મુજબ સમતુલ્ય લેવી વિદેશી અને ઘરેલુ બંને પર સમાનરૂપે લાગે છે આથી તેને ભેદભાવપૂર્ણ ગણી શકાય નહિ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) વિશ્વ ખાદ્ય મૂલ્ય સૂચકાંકના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) વિશ્વ ખાદ્ય મૂલ્ય સૂચકાંક ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) દ્વારા બહાર પાડવામાં આવે છે.

(2) આ સૂચકાંકમાં સતત સાતમા મહિના પણ વૃદ્ધિ નોંધાઈ છે.

(3) FAO ખાદ્ય મૂલ્યમાં દર બે મહિને બદલાતી કિંમતોનું માપ કરે છે.

(4) તેનું આધાર વર્ષ 2016-17 છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1) અને (2)

(C) માત્ર (1), (2) અને (3) (D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) દ્વારા ખાદ્ય મૂલ્ય સૂચકાંક (FPI)એ ડિસેમ્બર 2020માં સરેરાશ 107.5 પોઈન્ટ હાંસિલ કર્યા છે.

**FPI (food Price Index)**

⇛ આ ઈન્ડેક્સ 1996માં વૈશ્વિક કૃષિ વસ્તુ બજારના વિકાસ પર નજર રાખવા માટે સાર્વજનિક રૂપે બહાર પાડવામાં આવ્યો હતો.

⇛ FAOનો ફુડ પ્રાઈસ ઈન્ડેક્સ ખાદ્ય વસ્તુઓની ટોકરીના આંતરરાષ્ટ્રીય મૂલ્યોમાં માસિક બદલાવનું માપન છે.

⇛ તે અનાજ, તિલહન, ડેરી ઉત્પાદનો, માંસ અને ખાંડની ટોકરીના મૂલ્યોમાં થયેલાં પરિવર્તનો માપે છે.

⇛ તેનું આધાર વર્ષ 2014-16 છે.

**ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO)**

⇛ તેની સ્થાપના 1945 UN હેઠળ વિશિષ્ટ એજન્સીના રૂપમાં થઈ છે.

⇛ પ્રત્યેક વર્ષે 16 ઓક્ટોબર વિશ્વ ખાદ્ય દિવસ તરીકે FAOના સ્થાપના દિવસે ઉજવાય છે.

⇛ ભારતે તેની 75મી વર્ષગાંઠ નિમિત્તે 75 રૂપિયાના સ્મારક સિક્કાઓ બહાર પાડયાં હતાં.

⇛ તે ખાદ્ય સહાયતા સંગઠનોમાંથી એક છે જેનું મુખ્યાલય રોમ છે. તેના હેઠળ કૃષિ વિકાસ માટે આંતરરાષ્ટ્રીય કોષ (IFAD) છે.

**FAOની પહેલો**

1. વિશ્વ સ્તરીય મહત્ત્વપૂર્ણ કૃષિ વિરાસત પ્રણાલી.
2. વિશ્વમાં રણપ્રદેશ તીડ પર નજર રાખવી.
3. WHOના માનકો માટે કોડેક્સ એલિમેંટ્સ આયોગ માટે જવાબદાર છે.
4. પ્લાન્ટ જીનેટિક રિસોર્સ પર આંતરરાષ્ટ્રીય સંધિને 2001માં 30મા સત્રમાં અપનાવવામાં આવી હતી.

**ફ્લેગશીપ કાર્યક્રમ**

1. SOFIA-મત્સ્ય પાલન અને એકવાકલ્ચરની સ્થિતિ.
2. SOFO-વિશ્વ વનોની સ્થિતિ.
3. SOFI-વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને પોષણની સ્થિતિ.
4. SOFA-ખાદ્ય કૃષિની સ્થિતિ.
5. SOCO-કૃષિ કોમોડિટી બજારની સ્થિતિ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT